# આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્વજ્ઞાન શાળા

**પ્રશ્નપત્રનું નામ: હૈમ સંસ્કૃત પ્રવેશિકા- મધ્યમા** **પ્રશ્નપત્ર કોડ: 001**

**તૈયાર કરનારનું નામ: આચાર્ય ભગવંત શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

**પ્રાપ્તિસ્થાન** : આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્વજ્ઞાન શાળા, ૧૨, શ્રેયાંસનાથ સોસાયટી,ધરણીધર દેરાસરની પાછળ, વાસણા, અમદાવાદ-7.

## પ્ર.1 સવાલના જવાબ લખો. (50 ના 50 માર્ક)

1. "सुधर्मास्वामिने नमः"! આ વાક્ય સાચું છે કે ખોટું ? જો ખોટું હોય તો શા માટે ?
2. "आत्मनि इति अध्यात्मम्"! આમાં "आत्मन्" શબ્દના "न्" નો લોપ શા માટે થયો ?
3. केशेषु च केशेषु च मिथो गृहीत्वा कृतं युद्धम्- इति केशाकेशि युद्धम्! આમાં પૂર્વપદમાં "केश" શબ્દનું "केशा" શા માટે થયું ?
4. शक्तेरनतिक्रमेण इति यथाशक्ति पठ! આમાં "यथाशक्ति" શબ્દના પ્રથમા વિભક્તિના રૂપો લખો અને આવા રૂપો શા માટે થાય છે ?
5. महांश्चासौ राजा च इति महाराजः! આમાં "राजन्" ના "न्" નો લોપ શા માટે થયો ? અને "महत्" નો "महा" શા માટે થયું ?
6. पुण्यं च तदहश्च इति पुण्याहम्! આમાં "अहन्" ના "न्" નો લોપ શા માટે થયો ?
7. सप्तानां अहनाम् समाहारः इति सप्ताहः! આમાં "अहन्" ના "न्" નો લોપ શા માટે થયો ?
8. त्रयाणाम् लोकानां समाहारः इति त्रिलोकी! આમાં "लोक" ના "अ" નો "ई" શા માટે થયો ?
9. मृगीव (मृगीवत्) चपला इति मृगचपला! આમાં "मृगी" ના "ई" નો "अ" શા માટે થયો ?
10. विशालाः पन्यानो यस्मिन् तद् विशालपथम् नगरम्! આમાં "पथिन्" ના "इन्" નો "अ" શા માટે થયો?
11. तव पुत्रः इति त्वत्पुत्रः ! આમાં "त्वत्" શા માટે થયું ?
12. "स इव दृश्यते इति तादृशः, तादृक्षः, तादृक्/तादृग्"! આમાં "तद्" નું "ता" શા માટે થયું ?
13. "मन्दा मेधा यस्य सः इति मन्दमेधाः" આમાં "मेधा" નું "मेधाः" શા માટે થયું ?
14. "बहुनदीकः देशः" આમાં "नदी" નું "नदीकः" શા માટે થયું ?

15. "अश्वाश्च रथाश्च इति अश्वरथम्" આમાં "अश्वरथा:" ને બદલે "अश्वरथम्" શા માટે થયું ?
16. "द्वि-विंशति: इति द्विविंशा: वृक्षा:" આમાં "विंशति" નું "विंशा:" શા માટે થયું ?
17. "गन्तुकाम: देवदत्त:" આમાં "गन्तु" કેવી રીતે બન્યું છે ?
18. स्त्री, लक्ष्मी અને श्री આ સ્ત્રી લિંગ શબ્દોના પ્રથમા એક વચનાના રૂપમાં વિસર્ગ ":" આવે કે નહિ ? શા માટે ?
19. "सखि" શબ્દના "इ" નો શેષ ધુટ્ પ્રત્યયો પર છતા "ऐ" થાય છે આ નિયમ પ્રથમા એ.વ. અને સંબોધન એ.વ.માં લાગે કે નહિ ? શા માટે ?
20. જેમ "नृपति" નું પંચમી-ષષ્ઠી એ.વ. नृपते: થાય તેમ "पति" નું પણ પંચમી-ષષ્ઠી એ.વ.पते: થાય કે નહિ ? શા માટે ?
21. "अक्षि" નું તૃ.એ.વ. "वारि" ની જેમ "अक्षिणा" ન કરતા "अक्ष्णा" શા માટે થયું ?
22. स्त्री, लक्ष्मी,नी ग्रामणी અને सुधी આ શબ્દોના અન્ત્ય દીર્ઘ "ई" નો સ્વરાદિ પ્રત્યય પર છતાં "य्" થાય કે "इय्" થાય ? શા માટે ?
23. अनडुह् (पु.) (બળદ) નું પ્ર.એ.વ. "अनड्वान्" શા માટે થયું ?
24. "मास" શબ્દનું તૃ.બ.વ. "माभि:" થાય કે નહિ ? શા માટે ?
25. "निशा" શબ્દનું તૃ.બ.વ. "निज्भि:" થાય કે નહિ ? શા માટે ?
26. "प्राच्" નું પુ.પ્ર.એ.વ. "प्राङ्" શા માટે થયું ?
27. सम्राज् (પુ.) શબ્દનું પ્ર.એ.વ. "सम्राट्/ सम्राड्" શા માટે થયું ?
28. गिर् (स्त्री.)(વાણી) નું પ્ર.એ.વ. गि: થાય કે गी: થાય ? શા માટે ?
29. गां दोग्धि इति "गोधुक्/गोधुग्" આમાં गोदुह् શબ્દના दुह् નો धुक्/धुग् શા માટે થયું ?
30. दिश् (स्त्री.) શબ્દનું પ્ર.એ.વ. "दिक्/दिग्" શા માટે થયું ?
31. यतमो यतरो वा भवतां पटु: ततमस्ततरो वा आगच्छतु! यो भवतां पटु: स आगच्छतु! આમાં यद् નું यतम શા માટે થયું ?
32. त्रय: अवयवा: यस्य इति त्रयं त्रितयं जगत्! આમાં त्रि નું त्रय અને त्रितय શા માટે થયું ?
33. या संख्या मानम् एषां ते यति, यावन्त:! એવી રીતે कति कियन्त: (બ.વ.) ! આમાં किम् નું कति અને कियत् શા માટે થયું ?

34. प्राग् अशुक्लं पटम् इदानीम् शुक्लं करोति इति शुक्लीकरोति पटम् આમાં शुक्ल નું शुक्ली શા માટે થયું ?
35. “बलवत्” શબ્દને “इष्ठ” પ્રત્યય લાગીને “बलिष्ठ” શા માટે થયું ?
36. ક્યા શબ્દને “इष्ठ” પ્રત્યય લાગીને “कनिष्ठ” થયું ? શા માટે ?
37. ક્યા શબ્દને “इष्ठ” પ્રત્યય લાગીને “श्रेष्ठ અને ज्येष्ठ” થયું ? શા માટે ?
38. ક્યા શબ્દને “इष्ठ” પ્રત્યય લાગીને “दविष्ठ” થયું ? શા માટે ?
39. ક્યા શબ્દને “इष्ठ” પ્રત્યય લાગીને “वरिष्ठ” થયું ? શા માટે ?
40. ક્યા શબ્દને “ईयस्” પ્રત્યય લાગીને “भूयान्” (પુ.પ્ર.એ.વ.) થયું ? શા માટે ?
41. “त्रिषष्टि”(63) માં त्रि નું त्रि શા માટે થયું ? અને ”त्रयोविंशति”(23)માં त्रि નું त्रयो શા માટે થયું ?
42. “इमन्” પ્રત્યય ક્યા અર્થમાં થાય ? અને તેના રૂપો કયા લિંગે થાય ? શા માટે ?
43. “महत्” શબ્દને “इमन्” પ્રત્યય લાગીને “महिमा” શા માટે થયું ?
44. વાર અર્થમાં કયા કયા સંખ્યા વાચક શબ્દોથી શું થાય ? અને તેના રૂપો કેવી રીતે ચાલે ? શા માટે ?
45. विंशी (स्त्री.)(વીસમી) આમાં “विंशति” નું ”विंशी” શા માટે થયું ?
46. “द्वितीय” શબ્દનું સ્ત્રી.સ.એ.વ. નું રૂપ “द्वितीयस्याम्” થાય કે “द्वितीयायाम्” થાય ? શા માટે ?
47. વર્તમાના, હ્યસ્તની, સપ્તમી(વિધ્યર્થ), પંચમી (આજ્ઞાર્થ)ના કર્મણિ અને ભાવે પ્રયોગના રૂપ કરતી વખતે ધાતુને “य(क्य)” પ્રત્યય શા માટે થાય છે ?
48. त्रै (રક્ષણ કરવું) ધાતુનું કર્તરિ અને કર્મણિ બન્નેમાં એક જેવું રૂપ “त्रायते” વર્તમાના ત્રી.પુ.એ.વ. શા માટે થાય છે ?
49. “कल्पते” કર્તરિ પ્રયોગ વર્તમાના ત્રી.પુ.એ.વ. આ કયા ધાતુનું રૂપ છે ? શા માટે ?
50. “तीर्यते” तॄ ધાતુ ભાવે પ્રયોગ વર્તમાના ત્રી.પુ.એ.વ. આમાં “तॄ” નું ”तीर्” શા માટે થયું ?
51. आ+ सञ्ज्+त(क्त)=”आसक्तः” આમાં “सञ्ज्” નું “सक्” શા માટે થયું ?
52. उद्+पद्+त(क्त)=”उत्पन्नः” આમાં उद्+पद्+त(क्त) નું “उत्पन्न” શા માટે થયું ?
53. मृ (મરવુ) ધાતુનુ કર્તરિ અને ભાવે બન્નેમાં એક જેવું રૂપ “म्रियते” વર્તમાના ત્રી.પુ.એ.વ. શા માટે થાય છે ?

54. “सह्” (સહન કરવું.) ધાતુનું કર્તરિ પ્રયોગ વર્તમાના ત્રી.પુ.એ.વ. “साहयति/सहति/सहते” આ ત્રણ રૂપમાંથી ક્યું રૂપ ક્યારે થાય ? શા માટે ?
55. “गीयते”,”गै” ધાતુ 1.ગણ પરસ્મૈપદ (ગાવું) કર્મણિ પ્રયોગ વર્તમાના ત્રી.પુ.એ.વ. આમાં “गै” નું “गी” શા માટે થયું ?
56. ”जि” ધાતુ 1.ગણ પરસ્મૈપદ (જીતવું) નું કર્મણિ પ્રયોગ વર્તમાના ત્રી.પુ.એ.વ. ‘जेयते’ થાય ? કે ‘जियते’ થાય ? કે ‘जीयते’ થાય ? એટલે जि નું ‘जे’ થાય ? ‘जि’ થાય ? કે ‘जी’ થાય ? શા માટે?
57. “स्मृ” ધાતુ 1.ગણ પરસ્મૈપદ (સ્મરણ કરવું) નું કર્મણિ પ્રયોગ વર્તમાના ત્રી.પુ.એ.વ. “स्मर्यते” થાય ? કે “स्मृयते” થાય ? કે “स्मृद्दयते” થાય ? એટલે स्मृ નું “स्मर्” થાય કે स्मृ થાય ? કે स्मृद्द થાય ? શા માટે ?
58. “जन्” ધાતુ 4.ગણ આત્મનેપદ (જન્મવું)નું કર્મણિ પ્રયોગ વર્તમાના ત્રી.પુ.એ.વ. “जायते” થાય ? કે “जन्यते” થાય ? એટલે “जन्” નું जा થાય ? કે जन् થાય ? શા માટે ?
59. “उच्यते” “वच” ધાતુ કર્મણિ પ્રયોગ વર્તમાના ત્રી.પુ.એ.વ. આમાં “वच्” નું “उच्” શા માટે થયું?
60. વર્તમાના,હ્યસ્તની,સપ્તમી(વિધ્યર્થ), પંચમી(આજ્ઞાર્થ) ના કર્તરિ પ્રયોગના રૂપો કરતી વખતે પાંચમા ગણના ધાતુઓનુ (श्नु) વિકરણ પ્રત્યય શા માટે લાગે છે ?
61. “शक्नुवन्ति” “शक्” ધાતુ (5 મો ગણ), કર્તરિ પ્રયોગ વર્તમાના, ત્રી.પુ.બ.વ.નુ (श्नु) વિકરણ પ્રત્યયનું “नुव्” શા માટે થયું ?
62. વર્તમાના, હ્યસ્તની, સપ્તમી (વિધ્યર્થ),પંચમી(આજ્ઞાર્થ)ના કર્તરિ પ્રયોગના રૂપો કરતી વખતે આઠમા ગણના ધાતુઓને “उ” વિકરણ પ્રત્યય શા માટે લાગે છે ?
63. “क्रियते” कृ ધાતુ 8 મો ગણ (કરવું) કર્મણિ પ્રયોગ વર્તમાના, ત્રી.પુ.એ.વ. આમાં “कृ” નું “क्रि” શા માટે થયું ?
64. “कुर्वन्ति” कृ ધાતુ 8 મો ગણ (કરવું) કર્તરિ પ્રયોગ, વર્તમાના ત્રી.પુ.બ.વ. આમાં “र्”ની પછી રહેલા “न्” નો “ण्” શા માટે નથી થયો ?
65. “गृह्णते” “ग्रह” ધાતુ 9 મો ગણ (ગ્રહણ કરવું) કર્તરિ પ્રયોગ, વર્તમાના, ત્રી.પુ.બ.વ. આમાં ना(श्ना)+अन्ते નું “णते” શા માટે થયું ?

66. "गृहाण" "ग्रह" ધાતુ 9 મો ગણ (ગ્રહણ કરવું) કર્તરિ પ્રયોગ પંચમી(આજ્ઞાર્થ) બી.પુ.એ.વ. આમાં ग्रह्+ना(श्ना)+हि નું "गृहाण" શા માટે થયું ?
67. "बध्नाति" "बन्ध" ધાતુ 9 મો ગણ (બાંધવું) કર્તરિ પ્રયોગ વર્તમાના, ત્રી.પુ.એ.વ. આમાં "बन्ध्"નું "बध्" શા માટે થયું ?
68. "हिनस्ति" "हिंस्" ધાતુ 7 મો ગણ (હિંસા કરવી) કર્તરિ પ્રયોગ વર્તમાના,ત્રી.પુ.એ.વ. આમાં "हिं" નું "हि" શા માટે થયું ?
69. मुह्+त(क्त) નું "मूढ" શા માટે થયું ?
70. "स्तुतः" "स्तु" ધાતુ 2 જો ગણ (સ્તુતિ કરવી) કર્તરિ પ્રયોગ વર્તમાના, ત્રી.પુ.દ્વિ.વ. આમાં સ્તુ ધાતુના "उ" નો ગુણ શા માટે નથી થયો ?
71. "शिष्यते" "शास्" ધાતુ 2 જો ગણ (રાજ્ય કરવું) (હુકમ કરવો) કર્મણિ પ્રયોગ વર્તમાના, ત્રી.પુ.એ.વ. આમાં "शास्" નું "शिष्" શા માટે થયું ?
72. "मृड्ढि" "मृज्" ધાતુ 2 જો ગણ (સાફ કરવું) કર્તરિ પ્રયોગ પંચમી(આજ્ઞાર્થ) બી.પુ.એ.વ. આમાં मृज्+हि નું "मृड्ढि" શા માટે થયું ? ધ્
73. गम्+त(क्त) નું "गत" શા માટે થયું ?
74. "घ्नन्ति" "हन्" ધાતુ 2 જો ગણ (હણવું) કર્તરિ પ્રયોગ, વર્તમાના ત્રી.પુ.બ.વ. આમાં "हन्" નું "घ्न" શા માટે થયું ?
75. ક્યા ત્રણ(3) ધાતુઓને ત્વા(क्त्वा) પ્રત્યય લાગીને "हित्वा" થાય ? શા માટે ?
76. "बिभ्यति" भी ધાતુ 3 જો ગણ (બીવુ) કર્તરિ પ્રયોગ વર્તમાના, ત્રી.પુ.બ.વ. અને "जिह्रियति" ह्री ધાતુ 3 જો ગણ (શરમાવું) કર્તરિ પ્રયોગ વર્તમાના ત્રી.પુ.બ.વ. આમાં भी ના "ई" નો "य्" અને ह्री ના "ई" નો "इय्" શા માટે થયો ?
77. ऋ+ति= "इयर्ति" "ऋ" ધાતુ 3 જો ગણ (જવું) કર્તરિ પ્રયોગ વર્તમાના,ત્રી.પુ.એ.વ. આમાં "ऋ" નું "इयर्" શા માટે થયું ?
78. "धत्तः" "धा" ધાતુ 3 જો ગણ (ધારણ કરવું) કર્તરિ પ્રયોગ વર્તમાના, ત્રી.પુ.દ્વિ.વ. આમાં "धा" નું "धत्" શા માટે થયું ?
79. दा (3 જો ગણ (આપવુ)) + त(क्त) નું "दत्तः" થાય ? કે "दतः" થાય ? શા માટે ?

80. स्था+त(क्त)= स्थितः આમાં "स्था" નું "स्थि" શા માટે થયું ?
81. "देयम्" दा ધાતુ 3 જો ગણ (આપવું) નું વિધ્યર્થ કૃદન્ત આમાં "दा" નું "दे" શા માટે થયું ?
82. "ददति" दा ધાતુ 3 જો ગણ (આપવું) કર્તરિ પ્રયોગ વર્તમાના, ત્રી.પુ.બ.વ. આમાં "अन्ति" પ્રત્યયનું अति શા માટે થયું ?
83. "ग्रह" ધાતુ 9 મો ગણ (ગ્રહણ કરવું) નું કર્તરિ પ્રયોગ, ભવિષ્યન્તી ત્રી.પુ.એ.વ. "ग्रहीष्यति" થાય ? કે "ग्रहिष्यति" થાય ? શા માટે ?
84. ધાતુથી ભવિષ્યન્તી અને શ્વસ્તની વિભક્તિના પ્રત્યયો ક્યારે થાય ? એક એક દદ્રષ્ટાન્ત લખો.
85. ધાતુથી ક્રિયાતિપત્તિ વિભક્તિના પ્રત્યય કયારે થાય ? એક દ્રષ્ટાન્ત લખો.
86. द्दश् (ધાતુ 1લો ગણ(જોવુ))+ति(क्ति) નું "द्रष्टिः" થાય ? કે "द्रष्टिः" થાય ? શા માટે ?
87. प्रच्छ् (ધાતુ 6ઠ્ઠો ગણ(પૂછવું))+त(क्त) નું "पृष्टः" શા માટે થયું ?
88. दा (ધાતુ 3 જો ગણ(આપવું))+अक(णक)=दायकः આમાં "दा" નું "दाय्" શા માટે થયું ?
89. "दर्शिष्यते, द्रक्ष्यते" द्श् ધાતુ 1 લો ગણ, કર્મણિ પ્રયોગ, ભવિષ્યન્તી,ત્રી.પુ.એ.વ. આમાં આ પ્રમાણે બે રૂપો શા માટે થાય છે ?
90. "दद्रष्ठ, ददर्शिथ" द्श् ધાતુ 1 લો ગણ, કર્તરિ પ્રયોગ પરોક્ષા, બી.પુ.દ્વિ.વ. આમાં આ પ્રમાણે બે રૂપો શા માટે થયા છે ?
91. "રામ વનમાં ગયા હતા" આમાં "गम्" ધાતુથી પરોક્ષા વિભક્તિ થાય ? કે અધ્યતની વિભક્તિ થાય ? કે હ્યસ્તની વિભક્તિના પ્રત્યય થાય ? શા માટે ?
92. "दध्यतुः" ध्यै ધાતુ 1 લો ગણ, કર્તરિ પ્રયોગ, પરોક્ષા, ત્રી.પુ.દ્વિ.વ. આમાં ध्यै+अतुस् માં "ध्यै"નું "दध्य्" શા માટે થયું ?
93. "नेमुः" नम् ધાતુ 1 લો ગણ કર્તરિ પ્રયોગ, પરોક્ષા, ત્રી.પુ.બ.વ. આમાં "नम्" નું "नेम्" શા માટે થયું ?
94. "ईक्षामास" ईक्ष् ધાતુ 1 લો ગણ કર્તરિ પ્રયોગ, પરોક્ષા,ત્રી.પુ.એ.વ. આમાં "ईक्ष्" ધાતુનું દ્વિત્વ કરવાને બદલે "ईक्षामास" શા માટે થયું ?
95. गम्+वस्(क्वसु)= जग्मिवस् આમાં "गम्" નું "जग्मि" શા માટે થયું ?
96. "चोरयाञ्चकार" चुर् ધાતુ 10 મો ગણ, પ્રેરક, કર્તરિ પ્રયોગ, પરોક્ષા, ત્રી.પુ.એ.વ. આમાં चुर् નું "चोरयाञ्" શા માટે થયું ?

97. "अकृढ्वम्" कृ ધાતુ (કરવું) કર્તરિ પ્રયોગ, અધ્યતની,બી.પુ.બ.વ. આમાં "स्(सिच्)" નો લોપ શા માટે થયો ?

98. "अचीकरत्" कृ ધાતુ (કરવું) પ્રેરક, કર્તરિ પ્રયોગ અધ્યતની, ત્રી.પુ.એ.વ. આમાં "ची" આ પ્રમાણે દીર્ઘ "ई" શા માટે થયું છે ?

99. "संगसीष्ट, संगंसीष्ट" गम् ધાતુ 1 લો ગણ, કર્તરિ પ્રયોગ, आशीः વિભક્તિ, ત્રી.પુ.એ.વ. આમાં "गम्" ના "म्" નો એકમાં "लोप" અને એકમાં "अनुस्वर" શા માટે થયો છે ?

100. "गमयति" गम् ધાતુ 1 લો ગણ, પ્રેરક, કર્તરિ પ્રયોગ, વર્તમાના, ત્રી.પુ.એ.વ. આમાં "गम्" ના "अ"ની વૃદ્ધિ કરીને "गामयति" શા માટે નથી થયું ?

101. वि+जि+त्वा(क्त्वा)=विजित्य (સંબંધક ભૂ.કૃ.) આમાં "त्वा" નું "त्य" શા માટે થયું ?

102. "હું પાઠશાલામાં ગયો હતો" આ ગુજરાતી વાક્યનું સંસ્કૃત કરતી વખતે "गम्" ધાતુને પરોક્ષા થાય ? કે અધ્યતની થાય ? કે હ્યસ્તની વિભક્તિના પ્રત્યયો થાય ? શા માટે ?

103. રામ મારો મિત્ર છે. रामो मम मित्रमस्ति! रामः मम मित्रम् अस्ति! આમાં "रामः" અને "मित्रम्" આ બન્ને રીરૂપમાં ક્યું લિંગ, વિભક્તિ અને વચન થયું છે ? શા માટે ?

104. ક્યા બે ધાતુને સન્નન્તનો "स(सन्)"+कर्तृसूचक "उ" પ્રત્યય લાગીને "मुमुक्षुः" શબ્દ થાય છે ? શા માટે?

105. "चतुर्विंशतिभ्योस्तीर्थंकरेभ्यो नमः !" चतुर्विंशतिभ्यः (પું.ચતુર્થી બ.વ.) तीर्थंकरेभ्यः (પું.ચ.બ.વ.) नमः (અવ્યવ) આ વાક્ય સાચુ છે કે ખોટું છે ? જો ખોટું હોય તો શા માટે ?

106. रामस्य शतं धारयति कृष्णः ! રામના સો રુપિયા કૃષ્ણ ધારણ કરે છે.(કરજે રાખે છે.) આમાં "रामस्य" આ પ્રમાણે षष्ठी विभक्ति થાય કે નહિ ? શા માટે ?

107. "अकृत" कृ ધાતુ(કરવું) કર્તરિ પ્રયોગ, અધ્યતની, ત્રી.પુ.એ.વ. આમાં "स्(सिच्)" નો લોપ શા માટે થયો ?

108. भवति इति भूः અને खलं पुनाति इति खलपूः આમાં भू અને खलपू ના દીર્ઘ ऊ નો સ્વરાદિ પ્રત્યય પર છતા "व्" થાય કે "उव्" થાય ? શા માટે ?

**પ્ર.2** દરેક વાક્ય ગુજરાતી અને સંસ્કૃતમાં, **अणिग्** (પ્રેરક વિનાનું) અને **णिग्** (પ્રેરક)માં, કર્તરિ અને કર્મણિ કે ભાવેમાં વર્તમાનકાળ, ભૂતકાળ (હ્યસ્તની વિના પરોક્ષા કે અધ્યતની), ભવિષ્યકાળ અને પરોક્ષ ભૂત કૃદન્તમાં સંધિ વિના અને સંધિ સહિત લખો. (સંધિમાં "अ" નો લોપ થયો હોય ત્યાં "अ" નો લોપ થયો છે તેમ સમજવા માટે તે સ્થાને "ऽ" આવું અવગ્રહ ચિહ્ન ન મૂકવું)

2 (**णिग्** અને **अणिग्**)* 2 (કર્તરિ અને કર્મણિ કે ભાવે)* 4 વર્તમાનકાળ, ભૂતકાળ(હ્યસ્તની વિના પરોક્ષા કે અધ્યતની વિભક્તિ), ભવિષ્યકાળ અને પરોક્ષ ભૂત કૃદન્ત=16 આ પ્રમાણે દરેક વાક્યોના 16-16 વાક્યો લખવા. (કુલ 5 ના 25 માર્ક)

1. अणिग् પ્રેરક વિના કર્તરિ વર્તમાનકાળ
2. अणिग् પ્રેરક વિના કર્તરિ ભૂતકાળ (હ્યસ્તની વિના પરોક્ષા કે અધ્યતની)
3. अणिग् પ્રેરક વિના કર્તરિ ભવિષ્યકાળ
4. अणिग् પ્રેરક વિના કર્તરિ પરોક્ષ ભૂત કૃદન્ત
5. अणिग् પ્રેરક વિના કર્મણિ/ભાવે વર્તમાનકાળ
6. अणिग् પ્રેરક વિના કર્મણિ/ભાવે ભૂતકાળ(હ્યસ્તની વિના પરોક્ષા/અધ્યતની)
7. अणिग् પ્રેરક વિના કર્મણિ/ભાવે ભવિષ્યકાળ
8. अणिग् પ્રેરક વિના કર્મણિ/ભાવે પરોક્ષ ભૂત કૃદન્ત
9. णिग् પ્રેરક કર્તરિ વર્તમાનકાળ
10. णिग् પ્રેરક કર્તરિ ભૂતકાળ (હ્યસ્તની વિના પરોક્ષા/અધ્યતની)
11. णिग् પ્રેરક કર્તરિ ભવિષ્યકાળ
12. णिग् પ્રેરક કર્તરિ પરોક્ષ ભૂત કૃદન્ત
13. णिग् પ્રેરક કર્મણિ/ભાવે વર્તમાનકાળ
14. णिग् પ્રેરક કર્મણિ/ભાવે ભૂતકાળ(હ્યસ્તની વિના પરોક્ષા/અધ્યતની)
15. णिग् પ્રેરક કર્મણિ/ભાવે ભવિષ્યકાળ
16. णिग् પ્રેરક કર્મણિ/ભાવે પરોક્ષ ભૂત કૃદન્ત

**Note:- ઉપર બતાવેલી પદ્ધતિ પ્રમાણે અનુક્રમે નીચેના વાક્યોના પ્રત્યેકના 16-16 વાક્યો બનાવવા.**

1. તે મારી મિત્ર સીતા સાધ્વી થાય છે.
2. તે મહેલમાંથી તે બે સ્ત્રીઓ મને જુવે છે.
3. રામ અને લક્ષ્મણ અયોધ્યામાં બેઠા છે અને સીતા વનમાં બેઠી છે.(स्था ધાતુ)
4. અમે બે તમને કહીએ છીએ. (कथ् ધાતુ)
5. હું તમને બેને લાકડીથી નથી મારતો.
6. અમે તને લઈ જતા નથી.
7. આપ (भवत्(भवतु) સર્વનામ એ.વ.) ગામ જાઓ છો.
8. અમે આપને (भवत्(भवतु) સર્વનામ એ.વ.) વંદન કરીએ છીએ.(वन्द ધાતુ)
9. આપ બધા (भवत्(भवतु) સર્વનામ બ.વ.) ધર્મ કરો છો.(कृ ધાતુ)
10. ભગવાન મને બોધ કરે છે.(बुध् ધાતુ)
11. ગુરુજી આપ બધાને (भवत्(भवतु) સર્વનામ બ.વ.) કહે છે.(ब्रू ધાતુ)
12. તુ અમને બેને લાડવા ખવડાવે છે. (પ્રેરક છે.)
13. અમે તમને બેને ધનનો ત્યાગ કરાવીએ છીએ. (પ્રેરક છે.)
14. હું દીક્ષાને ગ્રહણ કરુ છુ. (ग्रह् ધાતુ)
15. તુ રાજા પાસેથી મને ધન અપાવે છે. (પ્રેરક છે.)
16. રામ રાવણને જીતે છે.

## પ્ર.3 ગુજરાતીનું સંસ્કૃત સંધિ વિના અને સંધિ સહિત લખો. (5 ના 5 માર્ક)

1. હું આજે ચોવીસ તીર્થંકરોને ત્રણ વાર વંદન કરવા માટે ઈચ્છું છું. (સન્નન્ત કરવું)
2. તે સાધ્વીજી વિદ્વાન છે માટે આ ગામની સ્ત્રીઓ તેમને પ્રશ્ન પૂછવા માટે ઈચ્છે છે. (સન્નન્ત કરવું)
3. મે આજે તે આચાર્ય ભગવંત પાસેથી આ ગ્રંથને જાણવા માટે ઈચ્છયું. (સન્નન્ત કરવું)
4. તું મને રાજા પાસેથી ધન અપાવવા માટે ઈચ્છે છે પણ પણ હું તે ધનને ગ્રહણ કરવા માટે નથી ઈચ્છતો. (ग्रह् ધાતુનું સન્નન્ત કરવું)

5. મે આજે વીસમા તીર્થંકરની એક વાર સ્તુતિ કરી (स्तु ધાતુ) અને આવતીકાલે હુ બાવીસમાં તીર્થંકરની ચાર વાર સ્તુતિ કરીશ. (नु ધાતુ)
6. આપે (भवत्(भवतु) સર્વનામ સ્ત્રી.એ.વ.) આજે કેટલા સાધુને અને કેટલી સાધ્વીજીને કેટલીવાર વંદન કર્યાં ?
7. જો અભવ્ય જીવ આઠ કર્મોનો ક્ષય કરશે તો તે મોક્ષમાં જશે પણ તે આઠ કર્મોનો ક્ષય કરવાનો નથી માટે મોક્ષમાં જવાનો નથી.
8. અમે ગુરુની સેવા કરવા માટે ઈચ્છીએ છીએ.(સન્નન્ત કરવું)
9. તમારા વડે અમને દીક્ષા આપવા માટે ઈચ્છાય છે.(સન્નન્ત)
10. મારા વડે અહીંથી જવાની ઈચ્છા કરાય છે અને તમારા વડે અહીં વસવાની ઈચ્છા કરાય છે. (સન્નન્ત)
11. તે બે સ્ત્રીઓ વડે કેશાકેશિ, કરાકરિ, મુષ્ટામુષ્ટિ અને દંડાદંડિ યુદ્ધ કરવા માટે ઈચ્છા કરાય છે. (સન્નન્ત)
12. શાંતિનાથ ભગવાન તમારા વિષય અને કષાયોને શાંત કરે અને ગૌતમ સ્વામી અને સુધર્મા સ્વામી તમારી જ્ઞાન લક્ષ્મીને પુષ્ટ કરે.(આશીઃ વિભક્તિ)
13. ઘડામાં ઠંડુ પાણી હોવા છતા આ સ્ત્રીએ આસક્તિ છોડવાની ઈચ્છાથી (સન્નન્ત) પાત્રાનું ગરમ પાણી પીધું.
14. ત્રણ બાળકો સુવાની ઈચ્છા કરે છે, પાંચ બાળકો ફરવાની ઈચ્છા કરે છે, પચાસ(50) બાળકો અધ્યયન કરવાની ઈચ્છા કરે છે અને કેટલાક બાળકો ધ્યાન કરવાની ઈચ્છા કરે છે. (સન્નન્ત)
15. તે કેટલાક નોકરો વડે ભારને ગામ તરફ વહન કરાય છે.

**પ્ર.4 નીચેના સંસ્કૃત વાક્યોની સંધિ છૂટી પાડીને ગુજરાતીમાં લખો અને પછી તે જ વાક્યનો પ્રયોગ બદલીને એટલે કર્તરિનું કર્મણિ કે ભાવે સંસ્કૃતમાં સંધિ સહિત સંધિ રહિત લખીને ગુજરાતીમાં લખો. (5 ના 5 માર્ક)**

1. गुरुर्मान्तारयति !
2. गुरुस्स्थातुमनसं शिष्यम्पाठयितुं विहारयते !
3. रामोडध्य संसारन्त्यक्त्वा दीक्षां जिघृक्षति !
4. बाह्मणा राज्ञो धनमीप्सन्ति !

5. आचार्योऽधुना ग्रन्थमारिप्सते !
6. आसतामिहैव मुहूर्तमेकं भवन्त: !
7. रामस्सीतामुपायंस्त !
8. त्वम्पटं शुक्लीकुर्वहं च पटं शुचीकरिष्यामि !
9. अहं पन्थानं पुमांसमनड्वाहं पूषणमृभुक्षाणं च पश्यामि !
10. यदीयं दानमदापयिष्यत ततो विश्वेऽपि यश: प्रासरिष्यत् !

## પ્ર.5 સંધિ છૂટી પાડીને ગુજરાતીમાં લખો. (15 ના 15 માર્ક)

1. अज्ञ: सुखमाराध्य:, सुखतरमाराध्यते विशेषज्ञ: !
   ज्ञानलवदुर्विदग्धं, ब्रह्मापि नरं न रञ्जयति!!
2. बलादप्यासितो भोक्तुं न किञ्चिद् बुभुजे च स: !
   मह्यं न रोचते किञ्चिदित्येकमवदन्मुहु: !!
3. सर्वथा निर्जिगीषेण भीतभीतेन चागस: !
   त्वया जगत्त्रयं जिग्ये महतां कापि चातुरी !!
4. द्विगुरपि सद्धन्द्धोऽहं गृहे च मे सततमव्ययीभाव: !
   तत्पुरुष ! कर्म धारय येनाहं स्यां बहुव्रीहि: !!
5. सीतास्वयंवरायाथ विद्याधरनरेश्वरा: !
   तत्रैत्य जनकाहूता अधिमञ्चमुपाविशन् !!
6. तत: सखीपरिवृता दिव्यालङ्कारधारिणी !
   भूचारिणीव त्रिदशी तत्रोपेयाय जानकी !!
7. रामाय स्वस्त्यथाशंसेराशिषं लक्ष्मणस्य च !
   शिवास्ते सन्तु पन्थान: वत्स! गच्छोपराघवम् !!
8. तेभ्यो नमोऽञ्जलिरयं तेषां तान्समुपास्महे !
   त्वच्छासनामृतरसैर्यैरात्मासिच्यतान्वहम् !!
9. कर्माण्यवश्यं सर्वस्य फलन्त्येव चिरादपि !
   आपुरन्दरमाकीटं संसारस्थितिरीदशी !!
10. भूषणाधुपभोगेन प्रभुर्भवति न प्रभु: !
    परैरपरिभूताज्ञस्त्वमिव प्रभुरुच्यते !!
11. वदनस्य तवैणाक्षि ! लक्ष्यते पुरत: शशी !
    पिण्डीकृतेन बहुना कज्जलेनेव निर्मित: !!

12. सुप्तामेकाकिनीं मुग्धां विश्वस्तां त्यजत: सतीम् !
    उत्सेहाते कथं पादौ नैषधेरल्पमेधस: !!
13. दुर्मेधसस्तस्य वचोऽल्पमेधस:
    श्रुत्वेति राज्ञा जगदे सुमेधसा !
    अमेधसो धिग्बत मन्दमेधसो
    हिंसन्ति जन्तून्निजजीविकाकृते !!
14. यथा समगतोमेशे श्री: कृष्णे समगंस्त च !
    संगंसीष्ट त्वयि तथा सा शुभै: संगसीष्ट च !!
15. वचनं धनपालस्य चन्दनं मलयस्य च !
    सरसं हृदि विन्यस्य कोऽभून्नाम न निर्वृत: !!
16. राम इव दशरथोऽभूद्शरथ इव रघुरजोऽपि रघुसदश: !
    अज इव दिलीपवंशश्चित्रं रामस्य कीर्तिरियम् !!
17. वैराग्यरङ्ग: परवञ्चनाय धर्मोपदेशो जनरञ्जनाय!
    वादाय विद्याध्ययनं च मेऽभूत् कियद्ब्रुवे हास्यकरं स्वमीश:!!
18. मा शाप्सीदेष इति तास्तस्माद्भीता द्रुतद्रुतम् !
    नेशुर्मृग्य इव व्याधादमिलन्त्य: परस्परम् !!
19. ये आविक्षंस्तमद्विक्षंस्तमद्राक्षुश्च दर्पत: !
    तान्न्यघुक्षच्छरैरेष न्यकोषीत्तदसूनपि !!
20. याचिष्ये समये स्वामिन्न्यासीभूतोऽस्तु मे वर: !
    इत्यभाषत कैकेयी राजापि प्रत्यपादि तत् !!
21. तीर्थेऽतत स किं दानमतनिष्ट तप: स किम् !
    अतनिष्ठा रतिं यस्मिन्नुत्कण्ठामतथास्तथा !!
22. अथ राम: ससौमित्रि:, सुग्रीवाधैर्वृतो भटै: !
    लङ्काविजययात्रायै प्रतस्थे गगनाध्वना !!
23. स गृहीतमहाभाण्ड उत्साह इव मूर्तिमान् !
    ईहाञ्चक्रेऽन्यदा गन्तुं वसन्तपुरपत्तनम् !!
24. तस्य रत्नाभरणानि निस्तेजस्कानि जज्ञिरे !
    मम्लुश्च मौलिमाल्यानि तद्वियोगभयादिव !!
25. इच्छति शती सहस्रं ससहस्र: कोटिमीहते कर्तुम् !
    कोटियुतोऽपि नृपत्वं नृपोऽपि बत चक्रवर्तित्वम् !!

■ ■ ■